ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૬ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટસીટી, ગાંધીનગર,-૩૮૨૩૫૫
ગુજરાત: **ઇ-મેઇલ : gerc@gernin.org , Web Site : www.gercin.org**

## જાહેર નોટિસ

**નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે એકંદરે વાર્ષિક મહેસૂલ જરૂરિયાત અને પ્રશુલ્ક નિર્ધારણ કરવા માટે ની અરજીને તૈયાર કરવા અને ફાઇલ કરવા માટે Suo-Motu પીટીશન નં ૧૯૯૫/૨૦૨૧.**

નવા બહુ વર્ષીય પ્રશુલ્ક વિનિયમો બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, પરંતુ તેનું આખરી રૂપમાં વિલંબ થયેલ છે. વધુમાં, વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાને લઇ, નામદાર આયોગ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એકંદર વાર્ષિક મહેસૂલ જરૂરિયાત અને પ્રશુલ્ક નિર્ધારણ કરવા માટે અને બહુવર્ષિય માળખાના અમલીકરણને એક વર્ષ માટે વિલંબ કરવા તથા તમામ સંબંધિત પરવાનેદાર/યુટીલીટીઝને નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટેની પ્રશુલ્ક પીટીશન તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૨૧ સુધીમાં ફાઇલ કરવા માટે જરૂરી નિર્દેશન આપવા અંગે Suo-Motu પીટીશન (સ્વપ્રેરણા) દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ સંદર્ભમાં Suo-Motu પીટીશન નં. **૧૯૯૫/૨૦૨૧** આયોગની વેબસાઇટ (www.gercin.org) ઉપર તા: ૧૩-૦૯-૨૦૨૧ના રોજ અથવા તે પહેલાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો મેળવવા હેતુસર મૂકવામાં આવેલ છે.

આ સાથે સૂચિત કરવામાં આવે છે કે જે વ્યક્તિઓ Suo-Motu પીટીશન અંગે પોતાના સૂચનો/ટિપ્પણીઓ કરવા રુચિ ધરાવે છે, તેઓએ તેમની સૂચનો/ટિપ્પણીઓ efiling@gercin.org પર મોકલી અથવા તો તે સચિવ શ્રી, ગુજરાત વિધુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ-૧ ટાવર, રોડ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર–૩૮૨૩૫૫ પર મોકલી ને રજૂ કરી શકે છે. તદુપરાંત આ સંબંધમાં જાહેર સુનાવણી તા. ૧૭.૦૯.૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વિડિયો કોન્ફરસિંન્ગ દ્વારા તથા નામદાર આયોગની ગાંધીનગર ખાતેની કચેરીએ રાખવામાં આવેલ છે. ઉપરોક્ત બાબતે રસ ધરાવનાર વ્યકિતઓ કે જેઓ નામદાર આયોગ સમક્ષ રજૂઆત કરવા માંગતા હોય તો તેઓએ તેમની વિગતો મોકલવાની રહેશે.

- સહિ -
**(રૂપવંત સિંહ, IAS)**
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર, ગુજરાત

સ્થળ : ગાંધીનગર
તારીખ: ૧૮/૦૮/૨૦૨૧